### જ્વેલર્સની દુકાનમાં નફાની લાલચે મૂડી રોકાણ કરાવી રૂ. 15,61લાખ પરત ન આપી છેતરપિંડી

# શહેરમાં બે અલગ અલગ બનાવોમાં રૂ. 38.24 લાખની છેતરપિંડી

**ભાડે** આપેલી મિલ્કત અન્યને ભાડે આપી રૂ.22,63,501નો વિશ્વાસઘાત કરાયો હોવાની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરમાં આવેલા કારેલીબાગ સ્થિત જ્વેલર્સની દુકાનમાં નફા પેટે દર મહિને રૂ.10,000આપવાનું કહી મૂડી રોકાણ કરાવી રૂ.15,61000પરત નહીં આપી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.જ્યારે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં મિલકત ભાડે લેનારે બીજાને મિલકત ભાડે આપી તથા વેચાણ કરારના નામે મહિલા સાથે ભાડું, બાનાખત ની રકમ સાથે કુલ રૂ. 22,63,501ની રકમનો વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર પ્રથમ બનાવમાં શહેરના વાસણારોડ ખાતે સમૃદ્ધિ સોસાયટીમાં રહેતા 70 વર્ષીય હિતેન્દ્ર વિનયચંદ્ર દવે નિવૃત જીવન જીવી પોતાના દીકરા સાથે રહે છે તેઓના હરણીરોડ ખાતે રહેતા જૂના મિત્ર નગીનભાઈ સોની કારેલીબાગ માં જ્વેલર્સની દુકાન પોતાના દીકરા પિયુષ સોની, વિરેન સોની પુત્રવધૂ રશ્મિકા સોની સાથે શરૂ કરેલ તેમણે હિતેન્દ્ર દવે ને પોતાની દુકાને બોલાવી દુકાનમાં મૂડીરોકાણ કરવા તથા દર મહિને રૂ.10,000નફા પેટે આપવાનું જણાવતા હિતેન્દ્ર દવેએ તા.28માર્ચ2014 થી 28 ઓક્ટોબર,2018 સુધી તબક્કાવાર કુલ રૂ.23,61,000 આપેલ જેમાંથી રૂ.8,00,000 પરત આપી રૂ.15,61,000પરત નહીં કરી બાકીના રૂપિયા માંગતા ગલ્લાતલ્લા કરતાં કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં, ભાયલી રેલ્વે ક્રોસિંગ પાસે એવરેસ્ટ ડિગ્નીટી વિભાગ-1મા રહેતા ડો.માયાબેન ભગીરથ મોદી (ઉ.વ. 71) એકલા નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓની પોતાના પતિ સાથેની સહિયારી મિલકત નિઝામપુરા સ્થિત મોદી ક્લિનિક ના નામે વસાવી હતી તે મિલકત ડો. માયાબેને ઉંમર અને તબિયતના કારણે વર્ષ-2021માં વેચાણ કરવાનું નક્કી કર્યું હતું આ મિલ્કતની બાજુમાં રિનોવેશન ચાલતું હોય તેના માલિક મિરાજ ધનવંતરાય શાહ દ્વારા ડો.માયાબેનની મિલકત વેચાણ કરી આપવાની વાત કરી હતી તેમણે આ મિલકત માટે ભાડા કરાર કરી શરુઆતના દર મહિને રૂ.55000ભાડું તથા ત્રણ મહિના બાદ રૂ.5000ના વધારા સાથે ભાડે લીધેલ આમ છ માસમાંથી ફક્ત ત્રણ માસનું ભાડુ ચૂકવી તે ભાડામાથી રૂ.56000 પોતાના પિતાના ખાતામાં પરત ટ્રાન્સફર કરાવેલ જે બાદ આ મિલકત પેટા ભાડા પેટે પાર્થ ઠક્કરને માસિક રૂ.2,25,000ભાડા પેટે આપેલ અને ભાડા કરાર કરેલ તથા મિલકત વેચાણ માટે બાનાખત પેટે ડો.માયાબેનની જાણ બહાર દીશા મિરાજ શાહના નામે ભાડા કરાર તૈયાર કરી ડો.ધારા પટેલ પાસેથી રૂ.5,00,001 નો ચેક મેળવી લીધો હતો.તથા કપટથી કરાર કરાવેલ રિનોવેશન પેટે1,77,500ની રકમ પણ મેળવી લીધેલ પરંતુ રિનોવેશન કરાવેલ નહીં આમ ભાડાની રકના બાકી રૂ. 2,36,000 તથા રિનોવેશન પેટે રૂ. 1,77,500 તથા પેટા રૂ.2,25,000 નાભાડે છ મહિનાનું ભાડું મિરાજ શાહે પોતે લ ઈ રૂ.13,50,000 એડવાન્સ પોતાના પત્ની દીશા શાહના નામે લ ઈ તથા બાનાખત પેટે ડો. ધારા પટેલ પાસેથી રૂ.5,00,001નો ચેક મળીને કુલ રૂ. 22,63,501 નો વિશ્વાસઘાત કર્યાની મિરાજ શાહ તથા દિશા શાહ વિરુદ્ધ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## નવલખી ગરબા મેદાનમાં પાણીના નિકાલની વ્યવસ્થા, નીક અને ટેમ્પરરી કાંસ બનાવાઈ



■ નવરાત્રિના માત્ર 3 દિવસ બાકી હતા ત્યારે શહેરમાં ધોધમાર વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. ખેલૈયાઓને નિરાશ ન થવું પડે તે માટે આયોજકોએ મેદાન તૈયાર તો કરી દીધા હતા. શહેરના નવલખી મેદાનમાં પાણીના નિકાલ માટે 20 બોરવેલ, નીક અને ટેમ્પરરી કાંસ બનાવવામાં આવી છે. જેના કારણે મેદાનમાં ભરાયેલું આખું પાણી જમીનમાં ઉતરી જાય. **(તસવીર :રણજીત સૂર્વે)**

### ટેમ્પો અને ઇકો કારમાં ચોર ટોળકી ફરતી હોવાની અફવા

# પારુલ યુનિવર્સિટીના ન્યુરોલોજી વિભાગના વિદ્યાર્થીને ચોર સમજી લોકોએ ધોઈ નાંખ્યો

**જીવલેણ** હુમલાનો ભોગ બનેલા વિદ્યાર્થીને પારુલ હોસ્પિટલમાં ICU માં સારવાર હેઠળ દાખલ કરાયો

**વાઘોડિયા** પોલીસ મથકમાં 15 જેટલા હુમલાખોરો સામે ફરિયાદ નોધાઇ



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા જિલ્લાના વાઘોડિયા સહિત વિવિધ તાલુકામાં ટેમ્પો અને ઈકો કારમાં ચોર ટોળકી ફરી રહી છે. અને લોકોને માર મારી ચોરી - લૂટ ચલાવી રહ્યા હોવાની જોરદાર અફવાઓ ચાલી રહી છે. આ અફવાઓ વચ્ચે ભયના ઓથાર નીચે આવી ગયેલા ગામ લોકોએ પોલીસ ઉપર ભરોસો ન રાખતાં રાત્રે ફેરણી શરૂ કરી દીધી છે. જોકે, આકડીયાપુરા ગામના લોકોએ પારુલ યુનિવર્સિટીમાં ન્યુરોલોજીમા અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીને ચોર સમજી ઢોર માર મારતાં ચકચાર મચી ગઈ છે. ગામલોકોના જીવલેણ હુમલાનો ભોગ બનેલા વિદ્યાર્થીને પારુલ હોસ્પિટલમાં ICU માં સારવાર આપવામાં આવી રહી છે. હુમલામાં વિદ્યાર્થીને હાથમાં ફેક્ચર થઇ ગયું છે. આ બનાવ અંગે વાઘોડિયા પોલીસ મથકમાં 15 જેટલા હુમલાખોરો સામે ફરિયાદ નોધાઈ છે.

વાઘોડિયા તાલુકાના માડોધર રોડ નવીનગરી, તવરા, વ્યારા, ખંધા, ગજાગરા, માડોધર , આકડીયાપુરા વિગેરે જેવા ગામમાં MP થી વાહનો લઈ ચોરો ચોરી કરવા આવી રહ્યા હોવાની જોરદાર અફવા ચાલી રહી છે. આ અફવાઓ વચ્ચે કેટલાક તત્વો દ્વારા સોશિયલ મીડિયામાં પોલીસ જવાનનો હાથ કાપી નાખેલો અને પોલીસ દ્વારા ચોરને માર મારતો વીડિયો વાયરલ કરાતા ગ્રામ્યજનોમા ગભરાટ ફેલાઈ ગયો છે. અને ગામ લોકોએ પોતાના ગામની સુરક્ષા વચ્ચે ફેરી શરૂ કરી દીધી છે. આવી સ્થિતી પાદરા, ડભોઈ સહિતના તાલુકાઓના ગામોમાં હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ્યજનોની ગેરસમજના કારણે રવિવારે વાઘોડિયા તાલુકાના ગુગલીયાપુરા D-3, શુભ પ્લાઝમા રહેતો અને પારુલ યુનિવર્સિટીમાં BSC ન્યુરોલોજીમા અભ્યાસ કરતો 20 વર્ષિય પાયો એરીક રવિવારની રજા હોવાથી મિત્રની સાઈકલ લઈને વાઘોડિયા ફરવા નિકળ્યો હતો. અને ફરતા ફરતા આકડીયાપુરા ગામ તરફ નીકળી ગયો હતો. દરમિયાન ચોરોને પકડવાની ફિરાકમાં ફરતા આકડીયાપુરા ગામના લોકોને વિદ્યાર્થી પાયો એરીક ચોર જેવો દેખાતા, તેનું નામ પૂછ્યું હતું. વિદેશી વિદ્યાર્થી પાયોને ગુજરાતી આવડતું ન હોવાથી તે અંગ્રેજીમાં વાત કરતાં ગ્રામ્યજનોએ આ યુવાન ચોર હોવાનું અનુમાન લગાવી ઢોર માર માર્યો હતો.

ગામલોકો વિદેશી વિદ્યાર્થી પાયો એરીકને માર મારી રહ્યા હતા. તે દરમિયાન પારૂલ યુનિવર્સિટીના પ્રોફેસર છાયંકાબેન આવી જતાં વિદ્યાર્થીને ગામલોકોની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યો હતો. તે સાથે પ્રોફેસરે યુનિવર્સિટીના સિક્યુરિટી ઓફિસર એમ.પી.સિંઘને જાણ કરતાં તેઓ પણ રોહિત કુમાર અને પી.સી.બાબુ પણ દોડી આવ્યા હતાં. અને ઈજાગ્રસ્ત પારોને પારુલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જીવલેણ હુમલામાં વિદ્યાર્થીના ડાબા કાંડામાં ફેક્ચર થઈ ગયું છે.

હાલ તેણે ICU માં સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત પાયો એરીકે વાઘોડિયા પોલીસ મથકમાં આકડીયાપુરા ગામના મહેશ મથુરભાઈ પરમાર, જગદીશ અંબાલાલ પરમાર, સુનિલ મણીલાલ વસાવા અને રાહુલ મણિલાલ વસાવા સહિત 15 લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની તપાસ કરી રહેલા પી.એસ.આઈ. એચ. વી. ગુજરાતીએ જણાવ્યું હતું કે પોલીસ હુમલાખોરોની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપી રાજન માળીની ધરપકડ

**છાણી** પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ આરોપી રાજેન્દ્ર ઉર્ફે રાજન માળીને પકડી પાડતી શહેર એસ.ઓ.જી.

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ એન.ડી.



પી. એસ. પ્રોહીબિશન તેમજ અન્ય ગુનાઓમાં ઘણા સમયથી નાસતા ફરતા અથવા વોન્ટેડ આરોપીનાઓને પકડી કાયદેસર કાર્યવાહી કરી પરીણામલક્ષી કામગીરી શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે આપેલી સૂચના અનુસાર

એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સપેકટર એસ.ડી.રાતડા નાઓએ અલગ અલગ ટીમો બનાવી એન.ડી.પી.એસ એક્ટ હેઠળ તેમજ અન્ય ગુનાઓમાં ઘણા સમયથી નાસતા ફરતા આરોપી નાઓને પકડી પાડવા જરૂરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ જે સુચના આધારે એસ.ઓ.જી. ટીમના માણસો વડોદરા શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે," છાણી પોલીસ સ્ટેશન પ્રોહીબિશનના ગુનાના કામે ભાગતો ફરતો આરોપી રાજન માળી પદમલા ગામ, માળી મહોલ્લા વડોદરા શહેર નાનો હાલમાં પદમલા ગામ પરમાર સોસાયટીના નાકા પાસે રોડ ઉપર ઉભો છે." જે બાતમી હકિકતના આધારે બાતમીવાળી જગ્યાએથી રાજેન્દ્ર ઉર્ફે રાજન રમણભાઈ માળી, રહે. પદમલા ગામ, માળી મહોલ્વો, વડોદરા શહેર નામના આરોપીને પકડી પુછપરછ કરી રેકર્ડ ઉપર ખાત્રી તપાસ કરતા આરોપી છાણી પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ અને આજદીન સુધી ગુનામાં વોન્ટેડ હોય જેથી આરોપી વિરુધ્ધ હસ્તગતની કાર્યવાહી કરી છાણી પોલીસ સ્ટેશન ખાતે સોપવા અર્થે કાર્યવાહી કરવામાં આવેલ છે.

# 8.13 લાખના વાલ્વની ચોરી કરનાર આરોપીને ઝડપી પાડતી પોલીસ

**પોલીસે** રણોલી ભાથીજી મંદિર પાસે રેલવે સ્ટેશન રોડ ખાતે આવેલી ઓરીએંટલ મેન્યુફેક્ચરીંગના ખુલ્લા કમ્પાઉન્ડમાંથી મુદ્દામાલ કબજે કરાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.1

જવાહરનગર પોલીસ સ્ટેશનની ટીમ વોચ તપાસમા હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે કોયલી ઈંદીરાનગરમા રહેતો સતિષ ઉર્ફે સત્યોએ એલ એન્ડ ટી કંપનીમાથી ચોરી કરી ચોરેલો મુદામાલ પોતાના ઘરની પાછળ આવેલ ગેલેરીમાં સંતાડેલો છે અને એક નંગ વાલ્વ એક પ્લાસ્ટીકની થેલીમા લઈને વેચવા માટે વાહનની રાહ જોઈ હાલમાં રીલાઈન્સ ગેટ આગળ ઉભેલો છે. શરીરે કાળા કલરનો શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલું છે. "જે મતલબની બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત વર્ણનવાળો ઈસમ હાજર મળી આવ્યો હતો. જેથી તેને કોર્ડન કરી તેની પાસે રહેલી એક પ્લાસ્ટીકની થેલીમાં જોતા એક એસ.એસ.નો વાલ્વ મળી આવ્યો હતો. જે અંગે તેની પાસે કોઈ બીલ કે કોઈ આધાર પુરાવા હોય તો રજુ કરવા જણાવતા તે સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી વિશ્વાસમા લઈ પુછપરછ કરતા આ ઈસમ પોતાના મનોબળથી તુટી ગયો હતો. તેણે ગઈ તા-24 સપ્ટેમ્બરે સાંજે 6 વાગ્યાથી તા.25 સપ્ટેમ્બરના બપોરે 1 વાગ્યા દરમ્યાન -રણોલી ભાથીજી મંદિર પાસે રેલ્વે સ્ટેશન રોડ ખાતે આવેલી ઓરીએંટલ મેન્યુફેક્ચરીંગના ખુલ્લા કમ્પાઉંડમાથી પોતે તથા બીજા અન્ય ઈસમોએ ભેગા મળી અલગ અલગ સાઈઝના વાલ્વસ કુલ નંગ-24 જેની કી.રૂ. 8,13,560 ની ગણી શકાય જેની ચોરી કરેલાની કબુલાત કરી હતી.

પકડાયેલ આરોપીઓનુ નામ સરનામુ- સતીષભાઈ ઉર્ફે સત્યો કનુભાઈ ચૌહાણ ઉ.વ.23 ધંધો-ખેતી કામ રહે.કોયલી ચરો ઈંદીરાનગર વચલુ ફળીયુ મ.નં-101, કોયલી ગામ તા.જી-વડોદરા જ્યારે એક -ખેર ભારતીય ઉર્ફે બજરંગ જેના પુરા સરનામાની ખબર નથી તેને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

# કેરટેકર મહિલાએ બીમાર વૃદ્ધાના ઘરમાંથી સોનાની બંગડીઓ ચોરી



(પ્રતિનિધિ) વડોદરા તા.1

સુભાનપુરા વિસ્તારની બીમાર મહિલાની સારસંભળ રાખતી મહિલાએ ચાર તોલાની બંગડીઓ ચોરી લેતાં ગોરવા પોલીસે તેની ધરપકડ કરી બંગડીઓ કબજે કરી છે.

સુભાનપુરાના હરિઓમનગરમાં રહેતા જિગ્નેશભાઈ ટેલરે પોલીસને ક્હ્યું છે કે,મારી માતા બીમાર હોવાથી કેરટેકર તરીકે કલ્પના રમેશભાઈ વસાવા(વલ્લભ કોમ્પ્લેક્સ, પરિવાર ચાર રસ્તા, વાઘોડિયારોડ)ને રાખી હતી. ગઈ તા.૨૬મીએ કલ્પનાએ બીજે કામ મળ્યું હોવાથી નહિં આવે તેમ ક્હ્યું હતું. ત્યારબાદ તા.૨૭મીએ મારી માતાએ મને સોનાની ચાર તોલાની ચાર બંગડીઓ વેચીને એફડી કરવા માટે કહેતાં મેં બંગડી શોધી હતી.પરંતુ મળી નહતી. જેથી બંગડીઓ ચોરાઈ હોવાની શંકા વ્યક્ત કરી ગોરવા પોલીસને ફરિયાદ કરી હતી.ગોરવા પોલીસે એક મહિલા દાગીના વેચવા ફરતી હોવાની માહિતી મળતાં વોચ રાખી કલ્પનાને ઝડપી પાડી બંગડીઓ કબજે કરી હતી.

# ફાયનાન્સમાંથી લીધેલી લોનના હપ્તા ચૂકવવા યુવાને મહિલાનો અછોડો આંચક્યો

**માથે** વિવિધ લોનનુ દેવું થઇ ગયેલ હોય લેણદારો ઘરે ઉઘરાણી માટે આવતા હોય ચોરી કર્યાનું કબુલ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.1

ગત તા.27 સપ્ટેમ્બરના સાંજે 7:30 વાગ્યાની આસપાસ ફરીયાદી રંજનબેન કિરણબાબુ ભોગીલાલ જોષી જેઓ મંદીરે દર્શન કરવા તથા શાકભાજી લેવા માટે નીકળેલ હતા તેઓ ઘરે પરત ફરતી વખતે પરીવાર ચાર રસ્તા થી કલાદર્શન ચાર રસ્તા વચ્ચે ચાલતા જઈ રહ્યા હતા ત્યારે કોઇ અજાણ્યા ઇસમે ફરીયાદી બહેનના ગળાની સોનાની ચેઈન ખેંચી તોડી લઈ નાસી ગયેલ જે બાબતે ફરીયાદી બહેન નાઓએ અત્રેના પાણીગેટ પોલીસ સ્ટેશનમા અજાણ્યા વિરુદ્ધ કાયદેસરની ફરીયાદ આપતા ગુનો રજીસ્ટર કરવામાં આવેલ હતો.

તપાસ દરમિયાન બનાવના સ્થળના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવતા એક શંકાસ્પદ ઈસમ સફેદ કલરના એક્ટીવા મોપેડ ઉપર એકલો જણાઇ આવેલ. જેની ગતિવિધિ અતિ શંકાસ્પદ લાગેલ હતી. જે એક્ટીવાનો નંબર મેળવવા માટે ના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા.અને સતત પ્રયત્નો બાદ આખરે એક્ટીવાનો નંબર મેળવવામાં સફળતા મળેલ હતી. જે એક્ટીવાનો નંબર GJ-06-MH-6632 હોવાનું જણાયેલ જેના માલીકની ગુપ્ત રાહે તપાસ કરાવતા બાતમી હકિકત મળેલ કે, એક્ટીવા (વાહન) માલીકના નાનો ભાઈ જેનુ નામ નરેશભાઈ વિઠ્ઠલભાઈ તડવી રહે- સલતાનપરા ગામ ભાથજી મંદીર સામે.



પોસ્ટ-કેલનપુર તા-જી-વડોદરા નો છે. અને છેલ્લા ઘણા સમયથી વિવિધ બેંકો તથા ફાયનાન્સ કંપનીઓમાથી નરેશ તડવીએ લોન લીધેલ છે જેના હપ્તા નથી ભરતો જેથી હપ્તાની ઉઘરાણી વાળા ઘણીવાર તેના ઘરે આવે છે અને પોતે દેવામાં ડુબેલ છે. સીસીટીવી મા દેખાતો ઈસમ નરેશ પોતે છે તેવી ચોક્કસ ખાતરી બાદ આ ચેઈન સ્નેચીંગ કરનાર ઈસમ નરેશ વિઠ્ઠલભાઈ તડવી જે એક્ટીવા તથા ચોરીની ચેઈન સાથે રેવા પાર્ક સોસાયટી વિસ્તારમા ફરી રહેલ છે, જેથી મળેલ બાતમીના આધારે રેવા પાર્ક વિસ્તારમાં તપાસ કરતા નરેશ વિઠ્ઠલભાઈ તડવીને એક્ટીવા જેની કિંમત ૨.50,000તથા સોનાની ચેઈન જેનુ વજન 13.9ગ્રામ કિ.રૂ.25,000/-સાથે ધરપકડ કરવામાં આવી હતી.

### આગામી દિવસોમાં નવરાત્રિ અને દિવાળીને લઈને આ રીતે ચેકીંગ જારી રહેશે

# તહેવારોને લઇ પોલીસની વિવિધ શાખાઓ દ્વારા ગોત્રી મોલમાં ચેકીંગ

**બંસલ** મોલમાં બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડને તેમજ ક્વીક રીસ્પોન્સ ટીમને સાથે રાખી સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધરતી શહેર એસ.ઓ.જી



(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરમાં આગામી દિવસોમાં નવરાત્રી, દશેરા, દિવાળી સહિતના તહેવારો આવી રહ્યાં છે. આ તહેવારોમાં લોકો બજારોમાં કપડાં, ગિફ્ટ, ઘરવખરીના સામાન, ફરસાણ, મિઠાઇ સહિતની ખરીદી મોલ, દુકાનોમાંથી કરશે જે માટે બજારોમાં લોકોની ભીડ જામશે બીજી તરફ વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર નાઓએ હાલમાં રાજયના અમુક જીલ્લાઓમાં બોમ્બથી ઉડાવી દેવાની અવારનવાર જે ધમકીઓ મળી રહી છે જે વાતને ગંભીરતાથી ધ્યાને લઇ આગામી દિવસોના નવરાત્રી તહેવાર અનુસંધાને લોકો વધારે પ્રમાણમાં એકઠા થતાં હોય તેવી જગ્યાઓ, મોલ, શોપીંગ સેન્ટરો, બાગ-બગીચાઓ, હોસ્પીટલો, સિનેમાઘરોમાં લોકોની સુરક્ષા અને સલામતીના હેતુથી સીક્યુરીટી તેમજ સરપ્રાઈઝ ચેકીંગ કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે જેના અનુસંધાને મંગળવારે એસ.ઓ.જી. ના પોલીસ ઈન્સ્પેકટર એસ.ડી. રાતડા નાઓએ વડોદરા શહેરમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી અગમચેતીના ભાગરૂપે ગોત્રી વિસ્તારમાં આવેલ બંસલ મોલ કે જેમાં મોલ, શોપીંગ સેન્ટર, સિનેમા હોલ અને આજુબાજુ ખાણીપીણીની દુકાનો વિગેરે આવેલ છે અને તે જગ્યાએ નાના નાના ભુલકાઓ સાથે નાગરિકો વધુ જનસંખ્યામાં એકત્રિત થતાં હોય અને બંસલમોલ ખાતે ઘરવખરીની ખરીદી માટે પબ્લીકની વધારે પ્રમાણમાં ભીડ રહેતી હોય જેથી એસ.ઓ.જી.ના પોલીસ અધિકારી/કર્મચારીઓએ બોમ્બ સ્કોડ તેમજ ડોગ સ્કોડને સાથે રાખીને બંસલ મોલમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં મોલના વાહન પાર્કીંગ સહિત તમામ દુકાનો. શોપીંગ સેન્ટરો તેમજ સિનેમાઘરો વિગેરે તમામ જગ્યાઓએ ડોગ સ્કોડ,

વડોદરા શહેર ક્વીક રીસ્પોન્સ ટીમ તેમજ બોમ્બ સ્કોડના આધુનિક સાધનો સાથે સઘન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમજ મોલના પ્રવેશધ્વારો ઉપર લોકોના સ્કેનિંગથી લઈને મોલમાં આવતાં-જતાં લોકોની સુરક્ષા અને સલામતી બાબતે બંસલ મોલમાં દુકાનો/હોટલો ધરાવતા માલિકો/દુકાનદારો સાથે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. આ ચેકીંગની કામગીરી દરમ્યાન કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવેલ નથી કે ગુન્હાહિત ગતિવિધી જોવા મળેલ ન હતી.

આગામી નવરાત્રીના દિવસોને ધ્યાનમાં રાખી ખરીદી કરવા નિકળેલ નાગરીકો વધુ પ્રમાણમાં શોપીંગ મોલમાં ખરીદી કરવા માટે જતાં હોય જેથી એસ.ઓ.જી. ધ્વારા અગમચેતીના ભાગરૂપે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવેલ અને મોલમાં આવતાં-જતાં લોકોની સુરક્ષા અને સલામતી બાબતે મોલના સીક્યુરીટીના કર્મચારીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી છે.

### 2015માં છેલ્લા કાયમી ચીફ ફાયર ઓફિસર તરીકે હિતેષ ટાપરીયા હતા

# પાલિકાએ છેલ્લા 9 વર્ષથી ચીફ ફાયર ઓફિસરની કાયમી પોસ્ટ ભરી નથી!

**ચીફ ફાયરનો** ચાર્જ પાર્થ બ્રહ્મભટ્ટને જે તે વખતે સોંપાયું હતું ત્યારે જ વિરોધ થયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા ફાયર બ્રિગેડમાં ૪૦ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે અને ફાયર બ્રિગેડના કર્મચારીઓને આગ-અકસ્માત,પૂર,વાવાઝોડા સહિતની કામગીરીઓની સાથે સાથે વીવીઆઈપી બંદોબસ્ત,પાણી વિતરણ જેવી કામગીરી પણ કરવી પડતી હોય છે. તેવા સમયે પૂર કે મોટી દુર્ઘટના વખતે મર્યાદિત કર્મચારીઓ પર મોટું ભારણ આવી જતું હોય છે. ફાયર બ્રિગેડની કામગીરી ખૂબ જ મહત્વની દરેક નગરજન સાથે સંકળાયેલી હોવા છતાં કોર્પોરેશને ભારે બેદરકારી સેવી છે અને છેલ્લા ૯ વર્ષથી ચીફ ફાયર ઓફિસરની કાયમી પોસ્ટ ભરી નથી. વર્ષ-૨૦૧૫માં છેલ્લા કાયમી ચીફ ફાયર હિતેષ ટાપરીયા હતા. ત્યારબાદ તેમનો ચાર્જ દિપક ગુંજાલને આપવામાં આવ્યો હતો.તેઓ વર્ષ-૨૦૧૯માં નિવૃત્ત થયા હતા.ત્યારબાદ સ્ટેશન ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટને ચીફ ફાયરનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને તે વખતે પણ તેમના નામ સામે વિવાદ થયો હતો.

તેમના આવ્યા પછી ત્રણ સ્ટેશન ઓફિસર વડોદરા ફાયર બ્રિગેડની નોકરી છોડી બીજા શહેરમાં જોડાયા હતા.હવે પાર્થ બ્રહ્મભટ્ટ સામે પોલીસ ફરિયાદ થતાં તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.જેથી તેમનો ચાર્જ મકરપુરાના સ્ટેશન ઓફિસર નિકુંજ આઝાદને સોંપવામાં આવ્યો છે.વડોદરા ફાયર બ્રિગેડ પાસે પુરતા ડ્રાઈવર પણ નથી.જે ડ્રાઈવર ફરજ બજાવે છે તે મોટાભાગના કોન્ટ્રાક્ટ પર છે.વડોદરા ફાયર બ્રિગેડમાં ડ્રાઈવરોની જરૂર છે તેના કરતાં પણ ઓછા ડ્રાઈવર તેમની પાસે છે.જેને કારણે ડ્રાઈવરોને પણ વધારાની ડયુટી કરવી પડતી હોય છે.વળી કાયમી ડ્રાઈવર તો ચાર જ છે. જ્યારે,૫૦ જેટલા ડ્રાઈવર કોન્ટ્રાક્ટ પર કામ કરી રહ્યા છે.આ પૈકી કેટલાક તો ૧૨ વર્ષથી નોકરી કરી રહ્યા છે.તો મોટાભાગના છ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવી રહ્યા છે.તેઓ કાયમી કરવાની વારંવાર રજૂઆતો કરી રહ્યા છે.પરંતુ તેમનું કોઈ સાંભળતું નથી.

વડોદરા ફાયર બ્રિગેડ પર પાણી વિતરણની કામગીરી પણ થોપી દેવામાં આવી છે. ફાયર બ્રિગેડના જવાનો જુદી જુદી ટાંકી પરથી ટેન્કરો ભરવા માટે જાય છે અને ત્યાંથી જે તે જગ્યાએ પાણી ઠાલવવા માટે જતા હોય છે.કોર્પોરેશન પાસે પોતાનો પાણી પુરવઠા વિભાગ હોવા છતાં આગ અકસ્માત કે હોનારતમાં કામગીરી કરવાને બદલે ફાયર બ્રિગેડના ૨૦ થી વધુ જવાનોને પાણી વિતરણની કામગીરી કરવી પડે છે.